**<u>ક્રિ.પ.અ.નં.૦૫/૧૭.</u>**

## <u>આંક – ૧ નીચે હુકમ</u>

(૧) સદર અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદારે સામાવાળા વિરુધ્ધ ભરણપોષણ મેળવવા ક્રિં.પ.અ.નં ૧૧૪/૧૨ દાખલ કરેલ. જે કામે સામાવાળાએ અરજદારોને માસિક રુ.૧૪૦૦/– ભરણપોષણ પેટે ચુકવી આપવાનો હુકમ થયેલો.

(૨) આ કામના સામાવાળાએ ના.કોર્ટના હુકમ મુજબ અરજદારને ભરણપોષણ પેટે કોઈ રકમ ચુકવી આપેલ ન હોય અરજદારે હાલની અરજી દાખલ કરી. સામાવાળાએ અરજદારોને તારીખ ૦૫–૦૭–૨૦૧૨ થી ૦૩–૦૮–૨૦૧૩ સુધીના ૧૪ માસના માસિક રૂા.૧૪૦૦/– લેખે તથા ખર્ચના રૂા.૫૦૦/– મળી કુલ રૂપિયા ૨૦,૧૦૦/– વીસ હજાર એકસો પુરા તેઓની જાત વ હરેક મિલ્કતથી વસુલ લઈએ તેવો હુકમ કરી આપવા તથા નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી ન્યાયની દાદ અપાવવા જણાવેલ છે.

(૩) સદર અરજી દાખલ થતાં સામાવાળાને હાજર રહેવા અંગે નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસની સામાવાળાને કાયદેસર રીતે બજવણી થવા છતા સામાવાળા હાજર રહલ નહી અને તા. ૧૦/૧૨/૧૪ના રોજ સામાવાળા કોર્ટમા હાજર હોય તેઓને અદાલત રૂબરૂ નોટીસ બજવણી કરવા અરજદાર તરફે આંક–૪થી અરજી આપતા અદાલત રૂબરૂ નોટીસની બજવણી કરવાનો હુકમ કરવામા આવેલ અને ત્યારબાદ પણ સામાવાળાએ કોર્ટમાં હાજર થઈ અરજી પેટે કોઈ રકમ જમા ન કરાવતા સામાવાળા સામે રકમ વસુલ મેળવવા માટે જંગમ મિલ્કત અંગેનું જપ્તી વોરંન્ટ કાઢવામાં આવેલ. જે વોરંન્ટ બજવણી અર્થે જતા સામાવાળા કોઈ પણ પ્ર કારે વોરંટની બજવણી સને ૨૦૧૧ના વર્ષથી થવા દીધેલ ન હોય મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળાની સામે શરતી પકડ વોરંન્ટ કાઢવામાં આવેલ. સામાવાળા જાતે મારા પુરોગામી

ન્યાયાધીશશ્રી સમક્ષ હાજર થઈ આંક–૭ની અરજી આપી ભરણપોષણની રકમ ભરવા માટે સમય માંગતા તા. ૪/૧૧/૧૫ના રોજ નામદાર કોર્ટે ભરણપોષણની રકમ પેટેની રકમના રૂા.૪૦૦૦/– આવતી મુદતે ભરવાની શરતે અરજી મંજુર કરેલ હતી. ત્યારબાદથી આજદીન સુધી સમાવાળા નામદાર કોર્ટમા હાજર થયેલ નથી જેથી તેઓ સામે રીકવરી વોરંટ કાઢ વામા આવેલ જેની બજવણી પણ આજદીન સુધી થવા દીધેલ નથી અને તેઓ જાતે આજરોજ તા. ૦૨/૦૪/૨૦૧૯ના રોજ ના.કોર્ટમા ઉમલ્લા પોલીસ સ્ટેશનના કોન્સટેબલ સાથે હાજર થયેલ છે.

(૪) આજરોજ સામાવાળા તરફે કોઈ વકીલશ્રી હાજર નથી. અરજદારના વકીલશ્રી એસ.જી. પાદરીયા પણ હાજર છે. સામાવાળાનો ભરણપોષણની રકમ ભરવા અંગે આંક–જવાબ લેતા તેઓએ નામદાર કોર્ટ સમક્ષ ભરણપોષણના હુકમની જાણ હોવાનુ અને તેઓએ આજદીન સુધી એકપણ રકમ ભરેલ નથી તેમ સ્વીકારેલ છે અને તેઓ પાસ ે બામલ્લા મુકામે બે એકર જમીન છે અને તેઓ રાજેશ્રી પોલીમર્સમા કોન્ટ્રાકટમા કામ કરી રોજના રૂા.૨૯૮/– કમાય છે અને તેઓ પોતાની મિલકત વેચીને ભરણપોષણની રકમ ભરવા તૈયારી બતાવેલ છે અને સમયની માંગણી કરેલ છે તેમજ તેઓ આજરોજ કોઈ જ રકમ લાવેલ નથી અને તેઓ ધ્વારા અગાઉ નામદાર કોર્ટમા ભરણપોષણની રકમ ભરવાની બાંહેધરી આપી મુદત મેળવેલ હોવા છતા છેલ્લા પાંચ વર્ષમા કોઈ પણ રકમ ભરણપોષણ પેટે ભરેલ નથી અને તેઓ પાસે ભરણપોષણની રકમ ચુકવવા માટે પુરતા સાધનો હોવા છતાં ચુકવેલ નથી અને આજરોજ પણ હુ કોઈ રકમ ચુકવવા તૈયાર નથી તેમ જણાવેલ છે. સામાવાળાની ઉપરોકત હકીકત વંચાણે લેતા સામાવાળાએ નામદાર કોર્ટને સને ૨૦૧૫મા હાજર થઈ ભરણપોષણની રકમ ભરવા માટે મુદત માંગી બાંહેધરી આપેલ હોવા છતાં તેઓએ કોઈ રકમ ચુકવેલ નથી અને તે વખતે પણ તેઓએ રકમ ચુકવવાની તૈયારી દર્શાવેલ હતી જેથી નામદાર કોર્ટે ધ્વારા તેઓને મુદત આપવામા આવેલ હતી અને સામાવાળાએ અદાલતના હુકમનુ પાલન કરેલ ન હોય ભરણપોષણની રકમ ભરવામા કસુર કરેલ છે અને તેઓને વધુ સમય આપવો ન્યાયીક જણાઈ આવતો નથી જેથી

સામાવાળાને જ્યુડીશ્યલ કસ્ટડીમા લેવાનો હુકમ કરવામા આવેલ છે. સામાવાળાને ભરણપોષણની બાકી પડતી રકમ ન ભરતા કસુરવાન ઠરાવવામા આવે છે.

(૫) અરજદારના વકીલશ્રીને તેમજ સામાવાળાને રુબરુમાં સજા બાબતે સાંભળ્યા, સદર અરજીની હકીકત તથા બંન્ને પક્ષકારો ની દલીલો ધ્યાને રાખતા અરજદાર તરફે વ.શ્રી જણાવે છે કે સામાવાળા બે એકર જમીન બામલ્લામા છે અને તેઓ રાજશ્રી પોલીમર્સમા રોજના રૂા.૨૯૮/– કમાય છે અને પોતાનુ ભરણ પોષણ કરી શકતા હોય ત્યારે અરજદારોનુ ભરણપોષણ કરવા અને તેની રકમ ચુકવવા સક્ષમ હોવા છતાં ભરેલ નથી તેમજ સામાવાળા તરફે તેઓના ઉપર તેમના પિતાના ભરણપોષણની જવાબદારીઓને ધ્યાને રાખી ઓછામા ઓછી સજા કરવા અરજ કરેલ છે. હાલના અરજદારે સામાવાળા સામે તારીખ ૦૫–૦૭–૨૦૧૨ થી ૦૩–૦૮–૨૦૧૩ સુધીના ૧૪ માસના માસિક રૂા.૧૪૦૦/– લેખે તથા ખર્ચના રૂા.૫૦૦/– મળી કુલ રૂપિયા ૨૦,૧૦૦/– વીસ હજાર એકસો પુરા ભરણ પોષણની રકમ વસુલ મેળવવા માટે હાલની આ અરજી દાખલ કરેલ છે. સામાવાળાએ આ અરજી પેટે કોઈ રકમ જમા કરાવેલ નથી. આમ સામાવાળાએ રકમ જમા ન કરાવી નામદાર કોર્ટના ક્રિ.પ.અ.નં ૧૧૪/૧૨ના કામે થયેલ ભરણપોષણના હુકમનો અનાદર કરેલ છે. આજરોજ સામાવાળા રકમ ચુકવવા તૈયાર નથી. તેઓ ને સજાની જોગવાઈની જાણ કરવા છતાંય ભરણ પોષણની બાકી રકમ ભરવા તૈયાર નથી કે રકમ ભરવા માટે કોઈ તૈયારી બતાવેલ નથી. જેથી ઉપરોકત હકીકત જોતા સામાવાળાને નામદાર કોર્ટ ધ્વારા પુરતી તકો આપવા છતાં જાણી જોઈને તેઓ ભરણપોષણની રકમ ભરપાઈ કરતા નથી તથા તેઓ ભરણપોષણની રકમ ભરવા માટે સક્ષમ હોવા છતાં છેલ્લા પાંચ વર્ષથી કોઈ જ રકમ ભરેલ નથી અને અવાર નવાર મુદતની માંગણી કરી નામદાર કોર્ટના હુકમને બાંહેધરી આપી ભરણપોષણની રકમ ભરવામા કસુર કરેલ છે તથા અરજદારોને પાંચ વર્ષથી ભરણપોષણથી વંચિત રાખેલ છે. આમ, ઉપરોકત હકીકતને ધ્યાને લઈ સામાવાળાએ તારીખ ૦૫–૦૭–૨૦૧૨ થી ૦૩–૦૮–૨૦૧૩ સુધીના ૧૪ માસના માસિક રૂા.૧૪૦૦/– લેખે તથા ખર્ચના રૂા.૫૦૦/– મળી કુલ રૂપિયા ૨૦,૧૦૦/– વીસ હજાર એકસો પુરા ભરવામાં કસુર કરેલ છે. સમગ્ર હકીકત તથા ક્રિમી.પ્રો.કોડ ૧૨૫(૩) ની જોગવાઈ

જોતાં અને કાયદાના પ્રસ્થાતિ થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

સામાવાળાએ અરજદારના ભરણ પોષણની તારીખ ૦પ–૦૭–ર૦૧ર થી ૦૩–૦૮–ર૦૧૩ સુધીના ૧૪ માસના માસિક રૂ.૧૪૦૦/– લેખે તથા ખર્ચના રૂ.પ૦૦/– મળી કુલ રૂપિયા ર૦,૧૦૦/– વીસ હજાર એકસો પુરા ચુકવવામા કરેલ કસુર બદલ ૧૪ (ચૌદ) માસના ભરણપોષણની કસુરના દિન–૧૦ પ્રમાણે ૧૪ માસના ભરણપોષણની કસુરના દિન–૧૪૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.અને સદર અરજી ફેંસલ કરવામાં આવે છે.

જો સામાવાળા ચાલુ સજાએ ભરણપોષણની રકમ ચુકવી આપે તો તેઓને જેલ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦ર–૦૪–ર૦૧૮

( બકુલકુમાર નટવરલાલ દવે)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.નેત્રંગ.

કોડ નં. જીજે૦૧ર૭ર